**મુલાકાત** હાલનાં વેલ્યુએશન વાજબી

# ઈ-કોમર્સ અને ટેક કંપનીઓ મજબૂત બનશે: PPFAS

માર્કેટના વેલ્યુએશન બે મહિના અગાઉની સરખામણીમાં આકર્ષક છે અને તેથી અમે હાથ પરની તમામ રોકડનું રોકાણ કર્યું છે એમ PPFAS મ્યુ. ફંડના ચેરમેન અને CEO **નીલ પરાગ પરીખ** જણાવે છે. **ભાર્ગવ ત્રિવેદી** સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે ઋણમુક્ત અને મજબૂત બિઝનેસ મોડલ ધરાવતી કંપનીમાં રોકાણ કરી શકાય.

**કોરોનાની શી અસર પડશે? વાઈરસનો ઈલાજ મળી જાય તો બજારોમાં તીવ્ર બાઉન્સની અપેક્ષા રાખી શકાય?**

કોરોનાની વૈશ્વિક તેમજ સ્થાનિક અર્થતંત્ર પર બહુ મોટી અસર પડશે. જેમાં પણ કેટલાક દયનીય જણાતાં એરલાઈન્સ, ટ્રાવેલ, હોસ્પિટાલિટી, સિનેમા અને રિયલ એસ્ટેટ જેવાં ક્ષેત્રો નજીકના ખૂબ જ તણાવમાંથી પસાર થશે. જે કંપનીઓ ઊંચું લિવરેજ ધરાવતી હશે અને નબળું કેપિટલ એલોકેશન હશે તેમના ઉપર પણ ખૂબ જ દબાણ જોવા મળશે. નજીકથી મધ્યમ ગાળો મોટા ભાગના વર્ગ માટે કપરો બની રહેશે. કોવિડ-૧૯ના ઉપચાર માટે કોઈ વેક્સિન અથવા તો દવા હાથ લાગશે તો તે ખૂબ મોટી પોઝિટિવ ઘટના બની રહેશે. બજાર માટે પણ આ બાબત પોઝિટિવ જ બની રહેશે. ખાસ કરીને લાંબા ગાળે તેની નોંધપાત્ર અસર જોવા મળશે.

**બજાર અન્ય કયા પડકારોનો સામનો કરી રહ્યું છે?**

વાઈરસ સિવાય બીજો સૌથી મોટો પડકાર અર્થતંત્રને લઈને પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા છે. ક્યારે લોકડાઉન દૂર થશે અને સ્થિતિ સામાન્ય બનશે તે સહુને સતાવી રહેલો સવાલ છે. કોઈને પણ આ પ્રકારની અનિશ્ચિતતા પસંદ નથી. ખાસ કરીને માર્કેટને ક્યારેય અનિશ્ચિતતા અનુકૂળ આવતી નથી. જ્યાં સુધી ચિત્ર સ્પષ્ટ નહીં થાય ત્યાં સુધી માર્કેટમાં ઊંચી વોલેટિલિટી જોવા મળશે. અનિશ્ચિતતાનો સમય જેટલો લાંબો ચાલશે તેટલું જ ઉદ્યોગોને માટે નુકસાન મોટું બની રહેશે.



**નીલ પરાગ પરીખ**
ચેરમેન અને CEO | PPFAS મ્યુચ્યુઅલ ફંડ

**વર્તમાન સમયે રોકાણની તક ક્યાં જોઈ રહ્યા છો?**

જે ઉદ્યોગો નબળા છે તેમનો સમય કપરો છે. હાલમાં એવી કંપનીઓમાં જ રોકાણનું વિચારી શકાય જેઓને માથે કોઈ પ્રકારનું ઋણ નથી અને મોટી રોકડ અનામતો છે. જેઓ મજબૂત બિઝનેસ મોડલ ધરાવે છે. આ પ્રકારની કંપનીઓ વર્તમાન સમયનો ઉપયોગ બિઝનેસ એક્વિઝિશન્સમાં અને તે રીતે બજારહિસ્સો વધારવામાં કરી શકે છે. આમ અમારું ધ્યાન એવા મજબૂત બિઝનેસિસ પર રહેશે, જેઓ હાલના મુશ્કેલ સમયને અન્યોની સરખામણીમાં આસાનીથી પસાર કરવા સાથે પાછળથી મજબૂત બનીને બહાર આવવાની ક્ષમતા ધરાવે છે. આવી કંપનીઓમાં ઇ-કોમર્સ અને ટેક્નોલોજી કંપનીઓ નો સમાવેશ થાય છે. અમે આ પ્રકારની તક પસંદ કરીએ છીએ. અમારું ફંડ વિદેશી કંપનીઓમાં રોકાણ કરી શકે છે.

**ફંડ્સ માર્કેટના વેલ્યુએશનને કેવી રીતે જુએ છે?**

બે મહિના પહેલાંની સરખામણીમાં માર્કેટ્સ હાલમાં આકર્ષક જણાય છે. કોરોના ફંડ પાસે કેટલીક કેશ હતી. જોકે હાલમાં અમે સંપૂર્ણપણે રોકાણ કરી ચૂક્યા છીએ. આમ ગયા મહિને બજારમાં કરેક્શન વખતે અમને કેટલીક સારી તક સાંપડી હતી.

**ફંડામેન્ટલ્સને જોતાં એવું લાગે છે કે ભારતીય બજાર ફેર વેલ્યૂ પર ટ્રેડ થઈ રહ્યું છે?**

કેટલાંક પોકેટ્સ હજુ પણ મોંઘાં જણાય છે. જ્યારે કેટલાંક ક્ષેત્રો ફેર વેલ્યૂ પર ટ્રેડ થઈ રહ્યાં છે. અમે બોટમ અપ સ્ટોક પિકર્સ છીએ અને તેથી અમે વ્યક્તિગત તક પર વધુ ધ્યાન આપીએ છીએ.

**આગામી ક્વાર્ટર માટે નિફ્ટીની ટ્રેડિંગ રેંજ?**

અમે ઓછામાં ઓછા પાંચ વર્ષના સમયગાળાને ધ્યાનમાં રાખીને રોકાણ કરીએ છીએ. આમ નજીકનાં કેટલાંક ક્વાર્ટર્સમાં બજારમાં શું થાય છે તેનાથી અમે વિચલિત નથી થતા.

Note: Viewers/readers should note that the objective of these articles/interviews is to communicate with our unit-holders and share with them our thought process. It should be noted that views expressed here are based on information available in public domain at this moment. Views expressed here can change depending on change in circumstances. Nothing discussed here, constitute a buy/ sell/ hold recommendation.

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**